અન્ય પછાત વર્ગો માટેના
પંચના ટર્મ્સ ઓફ રેફરન્સ
નક્કી કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૨૨૦૨૨/૧૧૯૮/અ
સચિવાલય,ગાંધીનગર.
તા.૧૯/૧૦/૨૦૨૨

વંચાણે લીધા:

(૧) આ વિભાગનો તા.૧૮/03/૧૯૯૩નો ઠરાવ ક્ર.:SSP/1193/KH-102/A

(૨) નિયામક, વિકસતિ જાતિ કલ્યાણનો તા. ૦૭/૦૯/૨૦૨૨નો પત્ર ક્રમાંકઃ વિજાક /જન/ જાપ્રપ /૨૦૨૧-૨૨/૧૫૦૨

આમુખ:

નામ. સુપ્રીમ કોર્ટ દ્વારા રીટ પિટિશન (સિવિલ) નંબર:૯૩૦/૧૯૯૦, ઈન્દ્રા સાહની વિ. ભારત સરકાર તથા અન્યોના કેસમાં આપેલ નિર્દેશન અન્વયે વંચાણે લીધેલ ક્રમાંક (૧) માં દર્શાવેલ ઠરાવથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટે એક કાયમી પંચ તરીકે અન્ય પછાત વર્ગો માટેના પંચની રચના કરવામાં આવેલ છે. વધુમાં પ્રસ્તુત ઠરાવથી પંચની કામગીરી જેમ કે , " The Commission will entertain, examine and recommend upon requests for inclusion and complaints of over-inclusion and under-inclusion in the lists of other backward classes of citizens in the State of Gujarat and do such other things ancillary thereto." નિયત કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૨) માં દર્શાવેલ પત્રથી નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ દ્વારા અન્ય પછાત વર્ગો માટેના પંચની હયાત કામગીરી ઉપરાંત અન્ય કામગીરીને ટર્મ્સ ઓફ રેફરન્સ તરીકે ઉમેરવા ભલામણ સહ દરખાસ્ત કરવામાં આવેલ હતી, જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાના અંતે અન્ય પછાત વર્ગો માટેના પંચની હાલની કામગીરી ઉપરાંત નીચે મુજબના ટર્મ્સ ઓફ રેફરન્સ ઉમેરવાનું આથી ઠરાવવામાં આવે છે.

1) રાજ્ય સરકાર હેઠળના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટેના અનામતનો લાભ મેળવવા માટે મૂળ ગુજરાતી નક્કી કરવા અંગે અભિપ્રાય આપવા બાબત.
2) અન્ય પછાત વર્ગો માટેના પંચની રચના પહેલાના એટલે કે તા.૧૮/૩/૧૯૯૩ પહેલાના નામ. જસ્ટિસ બક્ષીપંચ, માંડલ પંચ તથા અન્ય પંચો દ્વારા કરવામાં

આવેલ ભલામણના આધારે સમાવેશ થયેલ જાતિઓ અંગે અભિપ્રાય આપવા બાબત.

3) વિચરતિ અને વિમુક્ત જાતિઓ અંગે અભિપ્રાય આપવા બાબત.

4) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો તથા વિચરતિ વિમુક્ત જાતિઓમાં પર્યાયવાચી શબ્દો ઉમેરવા અંગે અભિપ્રાય આપવા બાબત.

5) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ/ અન્ય પછાત વર્ગમાં સમાવિષ્ટ જાતિઓમાં પછાતપણાના આધારે વધુ પછાત કે અતિપછાત જાતિઓ તરીકેનું વર્ગીકરણ (sub categorization) કરવા અંગે અભિપ્રાય આપવા બાબત.

6) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગમાં સમાવેશ થયેલ જાતિઓ મુજબની જાતિઓ અન્ય ધર્મ (ખાસ કરીને મુસ્લિમ ધર્મ)માં અસ્તિત્વ ધરાવતી હોય તો તેના સામાજિક દરજ્જાનો તુલનાત્મક અભ્યાસ જેવી બાબત.

7) ભારત સરકારની ગુજરાત રાજ્ય માટેની સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની યાદીમાં કોઈ નવીન જાતિ/પર્યાયવાચી શબ્દ ઉમેરવા કે રદ્દ કરવા બાબતે ભારત સરકારને કરવાની દરખાસ્ત અંગે અભિપ્રાય આપવા બાબત.

8) અન્ય પછાત વર્ગોને પ્રભાવિત કરનાર તમામ નીતિ વિષયક બાબત તેમજ આ ઉપરાંત સરકારશ્રી દ્વારા અન્ય બાબતો અંગે માંગવામાં આવતા અભિપ્રાયો બાબત.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની મળેલ મંજૂરી અન્વયે કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર. જે. ખરાડી)
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

<u>નકલ રવાના:</u>

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન. મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી (સામાજિક ન્યાય અને અધિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક. મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રીના અધિક સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, અન્ય પછાત વર્ગો માટેનું પંચ, સેક્ટર-૧૯, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતું, , ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સિલેક્ટ ફાઈલ